DATE :- 01-04-2026

DIVYA BHASKAR, PAGE-11, SURAT

# વ્હીલ સાથે પ્લેટફોર્મના અલાઈનમેન્ટમાં મેટ્રો ટ્રેન ખરી ઉતરતાં રાહત

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

મેટ્રો ટ્રેનના 29 માર્ચના પહેલા ટ્રાયલ રનનો રિપોર્ટ આવી ગયો છે. ટ્રેન અને વ્હીલ સાથે પ્લેટફોર્મના અલાઈનમેન્ટનું માપ સચોટ જોવા મળ્યું છે, જે સુરક્ષિત રીતે ચઢવા અને ઉતરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત ઓટોમેટિક ડોર સિસ્ટમ, એક્સિલરેશન અને બ્રેકિંગ પાવર પણ નિર્ધારિત માપદંડો મુજબ હતા. ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ વચ્ચેના 8.5 કિમી એલિવેટેડ કોરિડોર પર યોજાયેલી 8 કલાકની પહેલી ટ્રાયલમાં 3 કોચની ટ્રેનને નિયંત્રિત ગતિએ ચલાવીને પરીક્ષણ કરાયું હતું. ટ્રેક પર વળાંકવાળા ભાગોમાં મૂવમેન્ટ અને જર્કિંગની સ્થિતિ સ્મૂથ રહી હતી.